# સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત

## જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,મહેસાણા

સરદાર પટેલ રમત સંકુલ, પાંચોટ, રાધનપુર રોડ મુ.પો: પાંચોટ, તા-જિ: મહેસાણા

ફોન.નં- ૦૨૭૬૨-૨૯૯૦૫૫ EMAIL ID : dso-sycd-meh@gujarat.gov.in / dsdo-mehsana@gujarat.gov.in


જા.નં.રા.કક્ષા સેપકટકરાવ/જિ.ર.પ્ર.કે.મહે./ ૫૮-૧૦૮/૨૦૨૫-૨૬ તા.૩૧/૦૧/૨૦૨૬

પ્રતિ,

જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, તમામ

જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, તમામ

ગુજરાત રાજય

**રાજયકક્ષા વોલીબોલ અં.૧૪,૧૭,ઓપનએજ બહેનો ડે-નાઈટ સ્પર્ધા**

**વિષય:- ખેલ મહાકુંભ-૨૦૨૫ અંતર્ગત રાજયકક્ષાની વોલીબોલ અં.૧૪,૧૭ અને ઓપનએજ-બહેનો સ્પર્ધાના કાર્યક્રમ બાબત**

**સંદર્ભ :- માન.ડાયરેકટર જનરલશ્રી,સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગરના ક્રમાંક:એસએજી/ખેમકું-૨૦૨૫/૪૭૪૪૭-૪૭૫૫૨/૨૦૨૫-૨૬, તા.૨૪/૧૨/૨૦૨૫ નો પરિપત્ર**

**શ્રીમાન,**

સવિનય ઉપરોકાત વિષય અને સંદર્ભના અનુસંધાને જણાવવાનું કે ગુજરાત સરકારશ્રીના રમત ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,ગાંધીનગર અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર તેમજ જિલ્લા વહીવટી તંત્ર, મહેસાણા અને જિલ્લા રમત વિકાસ અધિકારી અને જિલ્લા રમત ગમત અધિકારી,મહેસાણા દ્વારા આયોજીત ખેલ મહાકુંભ-૨૦૨૫ માં રાજયકક્ષાની વોલીબોલ અં.૧૪,૧૭ અને ઓપનએજ બહેનોની સ્પર્ધાનું આયોજન તા.૧૧/૦૨/૨૦૨૬ થી તા.૧૭/૦૨/૨૦૨૬ સુધી સરદાર પટેલ જિલ્લા રમત સંકુલ, પાંચોટ-મહેસાણા જિ.મહેસાણા ખાતે કરવામાં આવનાર છે. સદર રાજ્યકક્ષાની સ્પર્ધામાં દરેક ઝોનમાંથી પ્રથમ અને દ્વિતીય નંબરે વિજેતા થયેલ ટીમ મોકલવાની રહેશે. વોલીબોલ અં.૧૪,૧૭ અને ઓપનએજ બહેનો સ્પર્ધા ઝોનકક્ષાનાં આયોજકશ્રીએ વિજેતા ટીમના પ્રવેશ પત્રો અને એલીજીબીલીટી ફોર્મ સત્વરે તા.૦૫/૦૨/૨૦૨૬ સુધી dso-sycd-meh@gujarat.gov.in / dsdo-mehsana@gujarat.gov.in ઉપર ઇ-મેઈલ થી મોકલી આપવા તેમજ ખેલાડીઓ / વિજેતા જિલ્લાને જાણ કરી આ સ્પર્ધામાં ભાગ લેવા મોકલવા વિનંતી છે.

**રાજયકક્ષા વોલીબોલ અં.૧૪, ૧૭, ઓપનએજ – બહેનો સ્પર્ધા કાર્યક્રમ**

| ક્રમ | વયજુથ | રીપોર્ટીંગ તારીખ અને સમય | સ્પર્ધા તારીખ | સ્પર્ધા અને રીપોર્ટીંગ સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | અંડર-૧૭ બહેનો | તા.૧૧/૦૨/૨૦૨૬ સાંજે ૫:૦૦ કલાકે | તા.૧૨/૦૨/૨૦૨૬ સ્પર્ધા સવારે ૭:૩૦ કલાકે શરૂ થશે | સરદાર પટેલ જિલ્લા રમત સંકુલ, પાંચોટ, તા.જિ.મહેસાણા |
| ૨ | ઓપનએજ-બહેનો | તા.૧૩/૦૨/૨૦૨૬ સાંજે ૫:૦૦ કલાકે | તા.૧૪/૦૨/૨૦૨૬ સ્પર્ધા સવારે ૭:૩૦ કલાકે શરૂ થશે | |
| ૩ | અંડર-૧૪ બહેનો | તા.૧૫/૦૨/૨૦૨૬ સાંજે ૫:૦૦ કલાકે | તા.૧૬/૦૨/૨૦૨૬ સ્પર્ધા સવારે ૭:૩૦ કલાકે શરૂ થશે | |

**રાજયકક્ષા વોલીબોલ બહેનોની સ્પર્ધા લીગ કમ નોકઆઉટ પધ્ધતીથી રમાડવામાં આવશે.**

**સ્થાનિક સંપર્ક નંબર :- વિરલ ચૌધરી – DSO – ૯૬૩૮૫૦૩૮૨૫, નિવાસ- શૈલેષભાઈ ચૌધરી - ૯૯૨૪૩૭૮૧૧૧**

**રજીસ્ટ્રેશન-ખોડાજી ઠાકોર - ૯૭૧૪૩૯૬૬૩૫**

**જરૂરી સુચના :**

૧. દરેક ઝોનકક્ષાના આયોજકશ્રીઓ આપના ઝોનમાં પ્રથમ અને દ્વિતીય ક્રમે વિજેતા થયેલ ખેલાડીઓના એલીજીબીટી ફોર્મ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, જિલ્લા રમત ગમત અધિકારીશ્રીના સહી-સિક્કા સાથેના મોકલી આપવાના / લાવવાના રહેશે.

૨. ટીમના દરેક ખેલાડીઓની ઓનલાઇન રજીસ્ટ્રેશનની પહોંચ ફરજીયાત સાથે લાવવી. ઓનલાઇન આઇ.ડી.નંબરવાળા સ્પર્ધકો જ સ્પર્ધામાં ભાગ લઇ શકશે તેમજ સ્પર્ધા રાજયકક્ષા વોલીબોલ એશોસીએશનના નીતીનિયમો મુજબ રમાડવામાં આવશે.

૩. ખેલાડીએ આધાર કાર્ડ/ફોટો આઇ.ડી.પ્રુફની ઝેરોક્ષ (ઓરીજીનલ સાથે) અને ભાગ લેનાર ખેલાડીઓના જન્મ તારીખ અને રહેઠાણના પુરાવા સાથે લાવવાના રહેશે.

૪. સ્પર્ધા સ્થળે/નિવાસ સ્થળે કોઇપણ પ્રકારનું નુકશાન કરવામાં આવશે તો તે નુકશાનની પુરેપુરી રકમ જે તે ખેલાડી/મેનેજરે ભરપાઇ કરવાની રહેશે.

૫. ભોજન/નાસ્તા સમયે જે તે ટીમ સાથે ટીમના મેનેજરે જે તે ટીમના મેનેજરે ટીમની સાથે આવવાનું રહેશે.અને શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે.

૬. પ્રવાસ ખર્ચ ટુંકામાં ટુંકા અંતરનું ભાગ પાડયા વગરનું સીધા રૂટનું અને સાદી એક્સપ્રેસ/રેલ્વે બીજા વર્ગનું ભાડું ચુકવવામાં આવશે.
૭. મેનેજરે ખેલાડીઓના આવવા તથા પરત જવાના પ્રવાસ ભથ્થાની વ્યવસ્થા કરીને આવવાનુ રહેશે. પ્રવાસ ખર્ચના નાણાં મેનેજરશ્રીના બેન્ક ખાતામાં R.T.G.S. દ્વારા ચૂકવવામાં આવશે જેથી બેન્ક ખાતાની વિગત સાથે લઈને આવવાની રહેશે.
૮. સ્પર્ધા સ્થળે ભાગ લેવા આવવા માટે ખેલાડી,કોચ,મેનેજર GSRTC એસ.ટી બસ તથા રેલ્વે દ્વારા જ ફરજીયાત મુસાફરી કરવાની રહેશે.
૯. GSRTC એસ.ટી બસ,રેલવેમાં જો મુસાફરી ન કરી હોય તેવા સંજોગોમાં આયોજક તરફથી પ્રવાસ ખર્ચ આપવામાં આવશે નહી.
૧૦. ખેલાડીઓને સ્પર્ધામાં ભાગ લેવા આવતા પહેલા વાલીની સંમતિ પ્રમાણપત્ર લઈને આપવવાનું રહેશે.
૧૧. સ્પર્ધામાં રીપોટીંગ સમયે ટીમ મેનેજર/કોચશ્રીએ GSRTC એસ.ટી બસ તથા રેલ્વેની ટીકિટ ફરજીયાત રીપોટીંગ કમિટીને રજુ કરવાની રહેશે.
૧૨. ભાગ લેવા આવતી ટીમોની સાથે ખેલાડી,કોચ અને મેનેજર સિવાય અન્ય કોઇ પણ બિનઅધિકૃત વ્યકિતને ટીમ સાથે લાવવાનો/મોકલવાનો રહેશે નહી.
૧૩. જિલ્લામાંથી સ્પર્ધા સ્થળે તથા સ્પર્ધા સ્થળથી પરત ફરી પોતાના નિવાસ સ્થળે પહોચ્યાની જાણ મેનેજર/કોચ દ્વારા અત્રેના આયોજક અધિકારીશ્રીને ટેલિફોનીક /લેખિત જાણ કરવાની રહેશે.
૧૪. જિલ્લામાંથી રાજયકક્ષાએ ભાગ લેવા આવતા ખેલાડીઓ/કોચ/મેનેજર/ટીમની એન્ટ્રી સંપર્ક નંબર સહિત અત્રેની કચેરીએ મોકલી આપવાની રહેશે.
૧૫. ખેલાડીઓએ સ્પર્ધા અનુરૂપ ગણવેશ/કીટ સાથે લઈને આવવાનું રહેશે.
૧૬. પરિપત્રની એક નકલ ટીમ મેનેજરશ્રીને અચુક પણે આપવાની રહેશે.તથા એન્ટ્રી ઓરીજીનલ KMK ID વાળી પણ સાથે લાવવાની રહેશે.
૧૭. રાજયકક્ષા વોલીબોલ તમામ વયજુથ બહેનો સ્પર્ધામાં ભાગ લેનાર ટીમના ટીમ મેનેજરશ્રીએ તેઓનો ટીમ મેનેજર તરીકેનો ઓર્ડર DSDO/DSO ની સહી વાળો રીપોટીંગ સમયે રજુ કરવાનો રહેશે.
૧૮. ખેલ મહાકુંભ-૨૦૨૫માં ભાગ લેવા આવનાર ખેલાડીઓ અને કોચશ્રીએ પોતાની બેન્ક ખાતાની વિગત રોકડ પુરસ્કારના ફોર્મ ભરવા માટે સાથે લાવવાની રહેશે. (વિજેતા થનાર ટીમો માટે)

**વધુમાં ખેલાડીઓ, કોચ-મેનેજર તમામે સરદાર પટેલ રમત સંકુલ, પાંચોટ-મહેસાણા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષમાં સ્વચ્છતા સંબંધિત અચુક ધ્યાન રાખવાનું રહેશે.**

જિલ્લા રમત ગમત અધિકારી
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર
મહેસાણા

જિલ્લા રમત વિકાસ અધિકારી
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર
મહેસાણા

**નકલ સવિનય રવાના :-**
૧. માન.સચિવશ્રી,રમત ગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર
૨. માન.ડાયરેકટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર સ્પર્ધા
૩. માન.જિલ્લા કલેકટરશ્રી, કલેકટર કચેરી, મહેસાણા
૪. માન.મ્યુનિસિપલ કમિશનરશ્રી,મહાનગરપાલિકા મહેસાણા
૫. માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મહેસાણા
૬. માન.જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, મહેસાણા
૭. માન.સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
૮. માન.આસિસ્ટન્ટ ડાયરેકટરશ્રી,(ખેલ મહાકુંભ), સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
૯. માન.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા
૧૦. માન.જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, મહેસાણા
૧૧. માન.જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મહેસાણા (સ્પર્ધા સ્થળે મેડીકલ ટીમ તથા ૧૦૮ એમ્બ્યુલન્સ હાજર રાખવા બાબતે)
૧૨. માન.મુખ્ય કોચશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
૧૩. માન.નાયબ માહિતી નિયામકશ્રી, સ્પર્ધાની બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ.
૧૪. માન.હેડ કોચશ્રી/નોડલ અધિકારીશ્રી, ખેલ મહાકુંભ-૨૦૨૫ રાજયકક્ષા વોલીબોલ-બહેનો સ્પર્ધા.
૧૫. માન.પ્રમુખશ્રી/મંત્રીશ્રી, ગુજરાત રાજય વોલીબોલ એશોસીએશન,અમદાવાદ
૧૬. માન.પ્રમુખશ્રી/મંત્રીશ્રી, જિલ્લા વ્યાયામ મંડળ, મહેસાણા

**સ્પર્ધા સ્થળે આવવા સ્કેન કરો.**
**સરદાર પટેલ જિલ્લા રમત સંકુલ, પાંચોટ-મહેસાણા**